ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૨૯ ટકા

# ઘ-૪ વિસ્તારમાંથી ૬૦ લારી-ગલ્લાના દબાણ દુર કરાયા

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં જેટલા દબાણ દિવસે ઉભા નથી થતા તેટલા દબાણો રાત્રીના સમયે ઉભા થાય છે. ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગ અને હાર્દ સમા ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનની આસપાસ રાત્રી બજાર ઉભુ થાય છે. ચા-નાસ્તો, ડીશગોળા, પાણીપુરી, લીંબુ-શરબત, શેરડીના રસ, આઈસક્રીમ સહિતની લારીઓ ફુટપાથ પર ગોઠવાઈ જતા સામાન્ય નાગરીકોને ભારે અગવડતાનો સામનો કરવો પડતો હતો. સાંજ ઢળતા જ આ વિસ્તારમાં ટ્રાફિકજામની સમસ્યા સર્જાતી હતી. જયારે કેટલાક વેપારીઓ આસપાસમાં ગંદકી કરતા હોવાથી દબાણ વિભાગ દ્વારા ખાસ પ્લાન તૈયાર કરાયો હતો. જયારે દબાણ વિભાગ દ્વારા રાત્રી દબાણ હટાવ ઝુંબેશને પગલે ઘ-૪ વિસ્તારમાંથી ૬૦ થી વધુ લારી ગલ્લાના દબાણ દુર કરવામાં આવ્યા છે. જયારે શહેરમાં આગામી સમયમાં પણ દબાણ વિભાગની દબાણ ટીમની ઝુંબેશ કાર્યરત રહેશે અને ગમે ત્યારે ગમે ત્યાં જઈને ત્રાટકશે.

ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગો અને સેકટરના આંતરીક





માર્ગો પર ઠેરઠેર દબાણો ઉભા થઈ ગયા છે. શહેરમાં દબાણે અજગરી ભરડો લીધો હોય તેમ લાગે છે. મોટાભાગના દબાણો કાયમી થઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના રાજમાર્ગ ગણાતા અને નગરના હાર્દસમા ઘ-૪ વિસ્તારને રાત્રીના સમયે લારી ગલ્લાના દબાણકારોએ બાનમાં લીધુ હોય તેમ લાગે છે. ઘ-૪ વિસ્તારમાં રાત્રીના સમયે ડીશગોળા, આઈસ્ક્રીમ, સોડાની લારી, પાણીપુરી, લીંબુ શરબત, ચા-નાસ્તો, શેરડીના રસ, પાનના ગલ્લા સહિતના વેપારીઓએ અડીંગો જમાવ્યો છે. જયારે વેપારીઓ દ્વારા ગમે ત્યાં કચરો ફેકવામાં આવતા ગંદકી પણ થાય છે. વેપારીઓને તંત્ર દ્વારા અગાઉ સુચના આપવામાં આવી હતી. પરંતુ લારીઓ હટતી નહી હોવાથી દબાણ વિભાગની ટીમના વડા મહેશ મોડ દ્વારા રાત્રી દબાણ ઝુબેશ શરુ કરાઈ છે. જેને પગલે ગત રાત્રીના સમયે ઘ-૪ વિસ્તારમાંથી ૬૦ થી વધુ લારીઓના દબાણો દુર કરાયા છે. જેથી ટ્રાફિક સમસ્યા પણ દુર થવા પામી છે. ત્યારે આગામી સમયમાં પણ નાગરીકોને નડતરરૂપ દબાણ દુર કરવાની કામગીરી રાત્રી ઝુબેશ શરુ રાખવામાં આવશે.



બેંક ઓફ બરોડા અને એપેક્ષ અકાદમી ગાંધીનગરના સહયોગથી લાયોનસની બહેનો માટે સ્પેશીયલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોને ઈન્ટરનેટ બેન્કિંગ, ડેબીટ-ક્રેડિટ કાર્ડ નેટ શોપીંગ, મોબાઈલ બેન્કીંગ સહિતના વિષયો પર નીતિબેન જાની દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપનું ઉદ્ઘાટન એપેક્ષ અકાદમીના પ્રિન્સીપાલ દ્વારા કરાયું હતું. જયારે કાર્યક્રમના સુંદર આયોજન માટે મનીષાબેન ત્રિપાઠીનો ખુબ જ સહયોગ સાંપડ્યો હતો. જયારે લાયોનેસ કલબના પ્રમુખ ડિમ્પલ દેસાઈ અને સેક્રેટરી પ્રિતિ શર્મા સાથે ઉત્સાહભેર બહેનો આ વર્કશોપમાં જોડાઈ હતી.

## સાંતેજ નર્મદા કેનાલમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

અમદાવાદના શેલા ગામ ખાતે વસવાટ કરતા આધેડનો મૃતદેહ સાંતેજ કેનાલમાંથી મળી આવ્યો છે. સરદાર પટેલ રીંગ રોડ પર આવેલા શેલા ગામ ખાતે નંદનવન બંગ્લોઝ મકાન નં. ૧૬૦ માં રહેતા મૈનેશભાઈ ધીરુભાઈ પટેલ (ઉં,૪૮) ગત તા.૮ એપ્રિલના રોજ પોતાના ઘરેથી હમણા આવું છુ કહીને નીકળ્યા હતા. દરમિયાન મોડી રાત સુધી ઘરે પરત ન આવતા તેમની કાર જમીયત પુરા નર્મદા કેનાલ પાસે મળી આવી હતી. કારમાં તેમનુ નામ અને એક સંબંધીનો મોબાઈલ નંબર મળી આવ્યો હતો, જે તેમના સાળાનો હતો. અડાલજ પોલીસે જાણવા જોગ ફરીયાદ લઈને આધેડે કેનાલમાં ઝંપલાવ્યું હોવાની શંકાને પગલે તે દિશામાં તપાસ શરુ કરી હતી. દરમિયાન બુધવારના રોજ તેમનો મૃતદેહ કલોલ તાલુકાના સાંતેજ ગામથી પસાર થતી નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. સાંતેજ પોલીસે અકસ્માત મોતનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણને પગલે કંટાળીને નૈમેશભાઈએ આ પગલુ ભર્યું હોવાની શંકા છે.



શહેરમાં દરેક ચાર રસ્તે વિશાળ સર્કલ બનાવાયા છે જેથી વાહનચાલકોને ચાર રસ્તા ક્રોસ કરતા અકસ્માતના ભોગ ના બનવું પડે અને ટ્રાફિક નિયમન યોગ્ય રીતે થઈ શકે. જોક ઘણીવાર સર્કલેથી પસાર થતા આગળ પાછળના વાહનચાલકો એકબીજાની દિશા સમજવામાં ભૂલ થાય તો નાના-મોટા અકસ્માત સર્જાઈ જાય છે. આવી જ રીતે ગ-૩ પાસે એક કાર અને મીની ટ્રક વચ્ચે ટકકર થવા પામી હતી. પરંતુ સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થયાના સમાચાર પ્રાપ્ત થવા પામ્યા નથી.

# યુકેની પોલીસ પણ ગુજરાતીઓના ‘થુંકવાના’ આતંકથી પરેશાન...!!!

### જાહેર માર્ગ પર થુંકશો તો રૂ. ૧૩,૫૦૦થી વધુનો દંડ થશે તેવી ચેતવણી ગુજરાતીમાં લખવી પડી

ગાંધીનગર, તા.૧૦

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આપેલા સ્વચ્છતાના સંદેશને તેમની ૧૫૦ જન્મજયંતિ વર્ષમાં ચરિતાર્થ કરવા સમગ્ર ‘રાષ્ટ્ર’ ‘સ્વચ્છ ભારત અભિયાન’ ઉજવી રહ્યું છે, પરંતુ હજુ સામાન્ય નાગરિકોમાં સ્વચ્છતા બાબતે હોવી જોઈએ તેટલી ગંભીરતા જોવા મળતી નથી. ખાસ કરીને ગુજરાતમાં પાન-મસાલા-ગુટખા વગેરે ખાઈને જયાં ત્યાં થુંકવાની આદત સ્વચ્છતા અભિયાનના સંકલ્પના લીરેલીરા ઉડાવે છે. ગુજરાતીઓની આ આદતથી માત્ર પોતાના જ દેશમાં નહી પરંતુ પશ્ચિમના વિકસિત દેશ યુકે ખાતે પણ તંત્ર પરેશાન છે અને આ આદત છોડાવવા ત્યાંના તંત્રએ ગુજરાતીમાં સૂચના લખી થુંકનારને દંડ થઈ કે છે તેવી ચેતવણી આપવી પડી રહી છે જેની તસવીર સોશ્યલ મિડિયા પર વાઈરલ થતા ભારે ચકચાર મચાવી રહી છે.

એવું કહેવાય છે કે પશ્ચિમના દેશોમાં સ્વચ્છતા બાબતે કાયદા ખૂબ કડક હોય છે જેને કારણે જે ગુજરાતીઓ અહીં જયાં ત્યાં થુંકતા અચકાતા નથી તે યુકે અમેરિકા જઈને સ્વચ્છતાના નિયમોનું પાલન કરવા લાગે છે અથવા એવું પણ કહેવાય છે કે વિદેશમાં સ્વચ્છતા જાળવતા ગુજરાતીઓ પરત ફરતા એરપોર્ટ પર પહેલું કામ થુંકવાનું કરે છે. જો કે આજકાલ સોશ્યલ મિડિયા પર યુકેના લેસ્ટર શહેરની એક તસવીર વાઈરલ થઈ છે. જેના પર પાન ખાઈને જાહેર રસ્તા પર થુંકવું આરોગ્ય માટે નુકશાનકારક છે અને અસામાજિક છે તે માટે તમને ૧૫૦ પાઉન્ડ એટલે કે રૂ. ૧૩,૫૦૦થી વધુને દંડ થઈ શકે છે તેવી સ્પષ્ટ ચેતવણી આપતી સૂચના ‘ગુજરાતી ભાષા’માં લખવી પડી છે. આ તસવીરનો મતલબ સ્પષ્ટ છે કે ગુજરાતીઓ ભારત હોય કે યુકે, પાન-મસાલા ખાઈને જયાં ત્યાં થુંકતા અચકાતા નથી. અને વધુ તો આશ્ચર્યની વાત એ છે કે યુકેમાં પણ પાન-મસાલા ગુજરાતીઓને મળી રહે છે. શકય છે કે જયાં ગુજરાતીઓ વધુ રહેતા હોય તેવા વિસ્તારમાં આ દૂષણ હશે જેને અનુલક્ષીને લેસ્ટરશાવર પોલીસે ગુજરાતી ભાષામાં બોર્ડ લગાડવાનો કિમિયો અજમાવવો પડયો હશે. હાલ તો, સોશ્યલ મિડિયામાં આ તસવીર પર ગુજરાતીઓના અલગ અલગ પ્રકારના પ્રતિભાવો જોવા મળી રહ્યા છે.




## કૈલાસ માનસરોવર યાત્રા જોગ

ગાંધીનગર, તા.૧૦

રાજય સરકાર દ્વારા આયોજિત કૈલાસ માનસરોવરની યાત્રા અંતર્ગત ગત તા. ૨૯-૩-૨૦૧૯થી ઓનલાઈન નોંધણી શરુ થઈ છે. જેની છેલ્લી તા. ૩૦-૪-૨૦૧૯ છે. યાત્રા ઈચ્છુક મિત્રોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અને સહી સ્કેન કરી ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. દરેક બચમાં એક લાયઝન ઓફિસરની જરુર પડે છે. સરકારી અધિકારી એમાં અરજી કરી શકે છે. વધુ મહિતી માટે મો. ૯૪૨૭૪૧૯૦૧૨ ફોન નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે. તેમજ **https://kmy.gov.in/kmy/** આ વેબસાઈટ ઓપન કરી ફોર્મ ભરી શકાય છે તેમ સંસ્થાના પ્રમુખ કૃષ્ણકુમાર રાણાએ જણાવ્યું છે.



એપ્રિલ માસના પ્રારંભથી જ શહેરમાં ઉનાળાએ વિકરાળ સ્વરૂપ દેખાડવાનું શરૂ કરી દીધુ છે અને આગામી દિવસોમાં આકાશી અગનવર્ષા ભારે આકરી સાબિત થશે તેના એંધાણ આપી દીધા છે. આ સંજોગોમાં માનવીઓ ત્રસ્ત થઈ જતા હોય તો અબોલ પશુ પંખીઓની તો શું હાલત થશે તેની કલ્પના જ કરવી રહી. પોતના જીવનચરિત્ર થકી જીવદયાનો સંદેશ પાઠવનાર ભગવાન સ્વામિનારાયણના સેકટર-૨૩ ખાતેના મંદિર ગુરુજી પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી અને પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીના માર્ગદર્શન અંતર્ગત વચનામૃત દ્વિશતાબ્દિ વર્ષ નિમિત્તે જીવદયાની લાગણીથી પ્રેરિત થઈ પક્ષીઓને પીવાના પાણી માટેના ૨૦૦ માટીના કુંડાની પક્ષી પરબોનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ સદકાર્યમાં નિલેશ ભગત સહિત પીંપળજ ગામના યુવાનો ઉત્સાહભેર સેવા આપી રહ્યા છે.

## સે-૨૪ ખાતે બહુજન સમાજ પાર્ટીના કાર્યાલયનો પ્રારંભ





ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં ચુંટણી જંગ બરાબરનો જામ્યો છે. ઉમેદવાર ઓછા સમયમાં વધુ મતદારો સુધી પહોંચવાના પ્રયાસો કરી રહ્યા છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ચુંટણીલક્ષી ચર્ચા કરવા અને મતદારોને રીઝવવા રાત્રી બેઠકો પણ ધમધમી રહી છે. ત્યારે આજે સેકટર-૨૪ આદર્શ નગર ખાતે ગાંધીનગર લોકસભા બેઠકના બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર જયેન્દ્રભાઈ રાઠોડનું મધયસ્થ કાર્યાલય બસપાના ગુજરાત પ્રદેશ પ્રભારી રામઅચલ રાજભરના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. આ પ્રસંગે રામઅચલજીએ કાર્યકરો સાથે બેઠક યોજીને વિવિધ ચુંટણીલક્ષી ચર્ચા અને વિચારણા કરી હતી અને પોતાના મત વિસ્તારમા કામ લાગી જવા માટે આહ્વાન કર્યુ હતું. આ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે પૂર્વ પ્રદેશ પ્રભારી ભગુભાઈ પરમાર, ખેડા, અમદાવાદ અને ગાંધીનગરના ઝોનલ કો.ઓડીનેટર કે.ડી.પરમાર, ગુજરાત પ્રદેશના મહામંત્રી દામજીભાઈ સોંદરવા, ગાંધીનગર જિલ્લાના પ્રભારી પ્રવિણ વાઘેલા, દક્ષિણ વિધાનસભા ગાંધીનગરના પ્રભારી દીપરાજ મહેરા, ગોવિંદભાઈ રાઠોડ સહિત મોટીસંખ્યામાં પાર્ટીના હોદેદારો અને આગેવાનો સહિત નાગરીકો હાજર રહ્યા હતા. જયારે કાર્યકરોએ જયેન્દ્રભાઈ તુમ આગે બઢોના નારા લગાવતા સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

## બયતુલમાલ ગાંધીનગરની વાર્ષિક સભા રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૦

બયતુલમાલ ગાંધીનગરના આજીવન સભ્યોની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૪મી એપ્રિલ રવિવારે સવારે ૧૦ કલાકે સેકટર-૨૧ જુમ્મા મસ્જિદ ખાતે હોલમાં યોજવામાં આવેલ છે. સર્વે આજીવન સભ્યોએ હાજર રહેવા માટે બયતુલમાલ ગાંધીનગરના પ્રમુખ વાય.વાય. પરમારે જણાવેલ છે.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજની જનરલસભા રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર પ્રજાપતિ સમાજની દ્વિવાર્ષિક જનરલ સભા આગામી તા. ૧૪મી એપ્રિલના રવિવારે સાંજે સાડા ચાર કલાકે બલરામ મંદિર પરિસર શ્રી ઉમિયા મંદિરની બાજુમાં સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં સમાજના સર્વે સભ્યોને હાજર રહેવા સમાજની મંત્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ પ્રજાપતિએ જણાવેલ છે.

# સીટીબસને આવકારવા આતુર સરગાસણ-કુડાસણના રહીશો

### રહેઠાણોથી ભરચક આ વિકસિત વિસ્તારને મુસાફરી માટે હાલાકી : શાક-માર્કેટ, એસ.ટી. ડેપો, સિવિલ કે સરકારી કચેરીએ જવા આવવા હાલ ખાનગી વાહનોના ભરોસે લોકો



ગાંધીનગર, તા.૧૦

ન્યુ ગાંધીનગર તરીકે અતિ ઝડપે વિકાસ પામેલા સરગાસણ અને કુડાસણમાં જાહેર પરિવહન વ્યવસ્થાનો સદંતર અભાવ રહ્યો છે અને રહેણાંક સોસાયટીઓથી ભરચક આ વિસ્તાર આંતરિક રીતે ખુબ જ ઉંડો અને વિશાળ છે. જેથી ગાંધીનગરના મહત્વના સ્થળોએ આવવા જવા હાલ પોતાનું ખાનગી વાહન હોવું જરૂરી બની ગયું છે. ગાંધીનગર શહેર તથા આજુબાજુના પંથકને આવરી લેતી સીટીબસ સરગાસણ-કુડાસણના આંતરિક માર્ગો ઉપરથી પસાર થાય તેવું આયોજન કરવામાં આવે તો સ્થાનિક રહીશોને ખુબ જ મોટી રાહત થાય તેમ છે.

ગાંધીનગરના મહાત્મા ગાંધી માર્ગના પ્રારંભે જ સરગાસણ ટીપી-૯ વિસ્તાર વિકસ્યો છે. જયારે ઈન્દ્રોડા સર્કલથી કોબા સર્કલ સુધી કુડાસણ નામે રહેણાંક વિસ્તાર ધમધમી રહ્યો છે. હાલમાં આ બંને વિકસિત વિસ્તારમાં અનેક સોસાયટીઓ આવેલી છે અને આશરે ૩૦૦૦૦થી વધુ વસ્તી આ બંને વિસ્તારોમાં વસવાટ કરે છે. વ્યવસાયિક ક્ષેત્રે નાના-મોટા ધંધા, દવાખાના તેમજ ખાણી-પીણી વિસ્તાર ખુબ જ ફુલ્યો ફાલ્યો છે પરંતુ જાહેર પરીવહન વ્યવસ્થાનો અહીં છેદ ઉડી ગયો છે.

ગાંધીનગર શહેરના ૨૧ શાકમાર્કેટ, સીવીલ હોસ્પિટલ, એસ.ટી. ડેપો, વિધાનસભા સચિવાલય, શાળા કોલેજ કે અન્ય કોઈ કામસર આ સ્થળોએ જવા-આવવા માટે સરકારી બસ કે જાહેર પરિવહન વ્યવસ્થા નથી જેથી ફરજીયાત પોતાનું વાહન કે પછી ખાનગી મુસાફરીનો ઉપયોગ કરવો પડે છે. જેમાં સૌથી વધુ આ વિસ્તારની મહિલાઓ અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તકલીફ પડી રહી છે. ગાંધીનગરમાં હાલમાં કાર્યરત યોગી સીટીબસને જો આ વિસ્તારમાં ફરતી કરવામાં આવે તો ખુબ જ મોટી રાહત થાય તેમ છે. આ અંગે ટીપી-૯ વસાહતી ગૃપના પ્રમુખ જગદીશભાઈ નમેરાએ જણાવ્યું હતું કે દિન પ્રતિદિન વિકાસના માર્ગે આગળ ધપી રહેલા આ બે ગાંધીનગરના જ વિસ્તારોને પ્રાથમિક સુવિધાઓ પુરી પડાય તે ઈચ્છનીય છે. જેમાં વળી જાહેર પરિવહન એ ખૂબ જ જરુરી છે જે માટે સરકાર તેમજ સીટી બસના સંચાલકો દ્વારા આ અંગે ઝડપથી નિર્ણય લઈ સીટી બસ શરુ કરવામાં આવે તો આર્થિક અને મુસાફરીની દષ્ટિએ યોગ્ય ગણાશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ કમળાબેન કેશવલાલ, ઉ.વ. ૭૭
- સ્વ. પટેલ દિલીપકુમાર પુરૂષોત્તમદાસ, ઉ.વ. ૭૨
- સ્વ. રાણા ઉર્મિલાબેન રાજદીપસિંહ, ઉ.વ. ૨૮